*દર રવિવારે વોટ્સએપ પર પ્રકાશિત થતું કરન્ટ અફેર્સ નું એકમાત્ર મેગેઝીન*

# * વિદ્યાશકિત *

→Available in PDF and JPEG format

→ આપના વોટ્સએપ પર અંક મેળવવા માટે Join Vidhyashakti લખી 7359470068 પર વોટ્સએપમાંથી મેસેજ મોકલવો. આપના મોબાઇલમાં વિદ્યાશક્તિનો નંબર SAVE હોવો જરૂરી છે.

અંક નં-૧૭ તા: ૧૯ માર્ચ-૨૦૧૭

www.vidhyashakti.blogspot.com

Email : vidhyashaktigujarat@gmail.com
સંપાદક: દરબાર સહદેવસિંહ
સ્થળ : માળિયા હાટીના
જિ : જુનાગઢ

## * ~ ગુજરાત ~ *

» રાજય સરકારે ગુજરાતને ૨૦૨૨ સુધીમાં મલેરિયા મુકત બનાવવાની જાહેરાત કરી. ટુંક સમયમાં ફિવર હેલ્પલાઇન ૧૦૪ શરૂ કરવામાં આવશે.

» નર્મદા જિલ્લાનાં રાજપીપળામાં બિરસા મુડા આદિવાસી યુનિ.શરૂ કરાશે. વિધાનસભામાં વિધેયક રજૂ કરાયું.

» ગુજરાતની પીએસી(પબ્લીક એકાઉન્ટ કમિટી) નાં અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે વર્ષ ૨૦૧૬-૧૭નો રીપોર્ટ રજુ કર્યો. સરહદી રાજ્ય હોવા છતાં ગુજરાત પોલીસ પાસે પર્યાપ્ત આધુનિક હથિયારો ના હોવાનો અહેવાલ રજુ

» ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ-૧૯૫૪માં સુધારા વિધેયક દ્વારા ગૌ તસ્કરીનો કાયદો કડક કરાયો.

» બેંક ઓફ બરોડાનાં સંસ્થાપક સયાજીરાવ ગાયકવાડ-3ની ૧૫૫ મી જન્મ જયંતિ ઉજવાય. ઉલ્લેખનીય છે કે તેમના દ્વારા ૧૯૦૮માં બેંક ઓફ બરોડાની સ્થાપના કરવામાં આવી હતી.

» રાજકોટની સિવિલ હોસ્પીટલને ૨૦૦ કરોડનાં ખર્ચે મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ બનાવાશે. જેમાં કિડની,હૃદયરોગ, અને કેંસરની અત્યાધુનિક સેવા પુરી પાડવામાં આવશે. આરોગ્ય રાજ્ય મંત્રી શંકર ચૌધરીની જાહેરાત.

» ગીરનાં જંગલમાં ઇતિહાસમાં પ્રથમવાર સફેદ હરણ જોવા મળ્યુ.

## * ~ ભારત ~ *

» પાંચ રાજયોનાં નવા મુખ્યમંત્રી

| રાજ્ય | મુખ્યમંત્રી | રાજયપાલ |
|---|---|---|
| ઉત્તરપ્રદેશ | યોગી આદિત્યનાથ<br>કેશવ પ્રસાદ મૌર્ય (DY CM)<br>દિનેશ શર્મા (DY CM) | રામ નાયક |
| ઉતરાખંડ | ત્રિવેન્દ્રસિંહ રાવત | ક્રિષ્ણાકાંત પૌલ |
| ગોવા | મનોહર પારિકર | મૃદુલા સિંહ |
| મણિપુર | એન.બિરેનસિંહ<br>યુ.જોયકુમાર સિંઘ (DY CM) | નજમા હેપ્પાતુલા |
| પંજાબ | કેપ્ટન અમરિન્દરસિંહ | વી.પી.સિંહ બદનૌર |

» સરસ્વતી સન્માન -૨૦૧૬ કોંકણી લેખક મહાબલેશ્વર સૈલને નવલકથા "હૈથન" માટે એનાયત.

» ભારતીય સમાજ સુધારક અને સ્વાતંત્ર્યસેનાની કમલાદેવી ચટોપાધ્યાયનાં નામે મહિલા વણકરો અને મહિલા હસ્તકળા કારીગરો માટે રાષ્ટ્રીય પુરસ્કારો જાહેર કરાયા.

» ઓરિસ્સાની સુઆલગીરી અને સ્વાતિગીરી જાતિને એસસી(શિડ્યુલ કાસ્ટ)માં સામેલ કરવામાં આવી.

» ચાર રાજયોની હાઇકોર્ટમાં ચીફ જસ્ટીસની નિમણુંક કરવામાં આવી.

| | |
|---|---|
| મધ્યપ્રેદેશ | ન્યાયધીશ હેમંત ગુપ્તા |
| ઝારખંડ | ન્યાયધીશ પી.કે.મોહતી |
| કેરલ | ન્યાયધીશ નવીની પ્રસાદ |
| છતિસગઢ | ન્યાયધીશ ટી.બી. રાધાકુષ્ણન |

» રેલ દુર્ઘટનાંઓમાં પહોચી વળવા માટે ભારતની પ્રથમ એ.સી. રેલ એમ્બ્યુલન્સ સેંટ્રલ રેલ્વે દ્વારા થાણેમાં શરૂ કરવામાં આવી.

» કેન્દ્રીય જલ બોર્ડનાં નવા અધ્યક્ષ નરેન્દ્રકુમાર બન્યાં.

» ભારત-પાકિસ્તાન સીમાની સુરક્ષા અને વાડ બનાવવા માટે નિમાયેલ શ્રી મધુકર ગુપ્તા સમિતી એ રીપોર્ટ સરકારને સોંપ્યો.

» મત્સ્ય ઉત્પાદન વધારવા બ્લુ ક્રાંતિ અંતર્ગત સરકારે મિશન ફિંગર્લિંગ શરૂ કર્યુ.

» નાગાલેન્ડ સરકારે સ્કુલ કેમ્પસ અને સ્કુલનાં ૨૦૦ મી.વિસ્તારમાં જંકફૂડ વેંચવા પર પ્રતિબંધ મુક્યો.

» કેંદ્રમાં પબ્લિક એકાઉન્ટ કમિટીનાં નવા અધ્યક્ષ કોંગ્રેસીનેતા ખડગે બનશે. કે.વી.થોમસનું સ્થાન લેશે. દર વર્ષે નિમાતી આ કમિટીમાં કુલ ૨૨ સભ્ય હોય છે, જેમાં ૧૫ લોકસભાનાં અને ૭ રાજયસભાનાં સભ્ય હોય છે.

» વિશ્વમાં મહિલા સાંસદોની બાબતમાં ૧૯૩ દેશમાંથી ભારત ૧૪૮માં ક્રમે, યુએન વિમેન દ્વારા આંકડા જાહેર કરાયા. હાલમાં લોકસભામાં મહિલા સાંસદ ૬૪ છે એટલે કે ૧૧.૮% અને રાજ્યસભામાં ૨૭ મહિલા સાંસદ છે એટલે કે ૧૧% છે.

» મનોહર પારિકર ગોવાનાં મુખ્યમંત્રી બનતા સંરક્ષણ મંત્રાલયનો હવાલો અરૂણ જેટલી ને સોંપાયો.

» બિહારનાં વૈશાલીમાં કેંન્દ્ર સરકાર દ્વારા કેળા સંશોધન કેન્દ્ર શરૂ કરાયું.

» આરોગ્યમંત્રી જે.પી.નડ્ડાની ઉપસ્થિતિમાં કેન્દ્રીય કેબીનેટે રાષ્ટ્રીય હેલ્થ પોલીસીને મંજુરી આપી. આ પોલીસી અંતર્ગત દરેક દર્દીને સરકારી ઇલાજની સુવિધા મળશે અને દર્દીને ઇલાજ માટે કોઇ હોસ્પીટલ ના નહિ પાડી શકે. આ ઉપરાંત સ્વાસ્થય વિમા આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આરોગ્ય પર હાલમાં દેશની જીડીપી નો માત્ર

૧.૦૪ % જ ખર્ચ થાય છે, તેને ૨.૫% સુધી લઇ જવાશે.

» શિમલાનું સંજોલી પોલીસ સ્ટેશન CCTNS (ક્રાઇમ એન્ડ ક્રિમીનલ ટ્રેકીંગ નેટવર્ક એન્ડ સિસ્ટમ) સાથે જોડાનાર દેશનું પ્રથમ પોલીસ સ્ટેશન બન્યું.

» મેડ ઇન ઇન્ડિયા અંતર્ગત ભારતમાં બનેલ પ્રથમ ટ્રેન "મેધા"ને રેલ્વેમંત્રી સુરેશ પ્રભુ એ મુંબઇમાં લીલી ઝંડી આપી. ટ્રેન લોકમાન્ય તિલક ટર્મિનલ થી દોડશે.

## * ~ વિશ્વ ~ *

» યુરોપીય કાઉન્સીલનાં અધ્યક્ષપદે ડોનાલ્ડ ટસ્ક ચુંટાયા.

» પાકિસ્તાને ૧૯ વર્ષ બાદ પ્રથમવાર વસ્તીગણતરી હાથ ધરી. ૧૯૯૮માં પાકિસ્તાનની વસ્તી ૧૮ કરોડ હતી.

» અમેરિકામાં ૧૩ કરોડ લોકોને સ્વાસ્થય સેવાઓ પુરી પાડતી એજન્સી "સેન્ટર ફોર મેડિકેર એન્ડ મેડીકેડ સર્વિસેજ" નાં અધ્યક્ષ તરીકે ભારતીય મુળના સીમા વર્માની નિમણુંક.

» સિંગાપુરનાં ચંગી એરપોર્ટને સતત પાંચમાં વર્ષે દુનિયાનું સૌથી શ્રેષ્ઠ એરપોર્ટ જાહેર કરાયું. સ્કાઇટ્રેકસ વર્લ્ડ એરપોર્ટ સર્વેમાં ગુણવતા અને અન્ય બાબતોનો સમાવેશ કરાયો હતો.

» ૨૦૩૦ સુધીમાં દક્ષિણ એશિયામાં ટીબી નાબુદ કરવાનાં WHO નાં અભિયાનમાં ભારત જોડાયું.

» અમેરિકાની સર્વોચ્છ વિજ્ઞાન સ્પર્ધા "રીજેનરન સાઇન્સ ટેલેન્ટ સર્ચ" ભારતીય મુળની ઇન્દ્રાણી દાસે જીતી લીધી.

» સ્વિત્ઝરલેન્ડ બાદ સાઉદી અરબ પણ સમજુતી મુજબ ભારતીય ખાતા ધારકોની માહિતિ ભારતને આપતું રહેશે. જાન્યુ.૨૦૧૮થી સમજુતી અસ્તિત્વમાં આવશે.

» રશિયા કાળા સમુદ્ર પર ક્રિમિયાને જોડતો ૧૯ કીમી લાંબો પુલ બાંધશે. ૨૮ હજાર કરોડના ખર્ચે બનનાર આ પુલમાં ૭ હજાર પીલર હશે. તેમાં ફોર ટ્રેક હાઇવે લેન અને ટુ લેન રેલ્વે ટ્રેક હશે.

» ન્યુઝીલેન્ડની વાંગાનુઇ નદીને વ્યક્તિ સમાન અધિકારો અપાયા. નદીની સાથે કોઇ દુર્વ્યવહાર કરશે કે નુકસાન પહોચાડશે તો એક વ્યક્તિની જેમ જ કાનુની કાર્યવાહી કરાશે.

» બ્રિટનમાં સૌથી ધનિક એશિયનોમાં હિન્દુજા બ્રધર્સ પ્રથમ સ્થાને. સ્ટીલ ટાયકુન લક્ષ્મી મિતલ બિજા સ્થાને.

## * ~ આર્થિક જગત ~ *

» આરબીઆઇનાં નવા ડેપ્યુટી ગવર્નર તરીકે બી.પી. કાનુંગોની નિયુકિત. તેઓ આર.ગાંધીનું સ્થાન લેશે. હાલમાં આરબીઆઇનાં ગવર્નર

www.vidhyashakti.blogspot.com

ઉર્જીત પટેલ છે ,જયારે ડેપ્યુટી ગવર્નર (૧) બી.પી.કાનુનગો (૨) એસ.એસ.મુન્દ્રા (૩) એન.એમ. વિશ્વનાથન (૪) વિરલ આચાર્ય છે.

» ઇન્કમટેક્ષ વિભાગે ટેક્ષ ભરવા અને રીફંડ સ્ટેટ્સ જાણવા માટે મોબાઇલ એપ્પ લોંચ કરી.

» CII (કોન્ફેડરેશન ઓફ ઇન્ડિયન ઇન્ડસ્ટ્રી) નાં અધ્યક્ષ ઉમેશ ચૌધરી બન્યાં.

» ૨૦૧૭માં સર્વ શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર શેરબજાર ભારતનું બન્યું. બિજા ક્રમે બ્રાઝીલ અને ત્રિજા ક્રમે સિંગાપોર રહ્યું.

» ONGC ક્રિષ્ના-ગોદાવરી બેસીન (કે.જી.બેસીન) માં ૨૧૫૦૦ કરોડનું રોકાણ કરશે. સમુદ્રમાં ૩૦૦૦મી ઉંડાઇએથી ગેસ કાઢશે.

## * ~ રમત જગત ~ *

» ઇન્ડિયન ઓપન ગોલ્ફ ટુર્નામેન્ટ એસએસપી ચૌરસીયા એ જીત્તી લીધી.

» ICC નાં અધ્યક્ષપદેથી શશાંક મનોહરે રાજીનામું આપ્યું. ICCનાં પ્રેસિડન્ટ ઝાહિર અબ્બાસ છે અને CEO ડેવીડ રીચાર્ડસન છે. ICCનું મુખ્ય મથક દુબઇમાં છે.

» સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઇન્ડિયા (SAI)ની ગવર્નીંગ બોડીનાં મેમ્બર તરીકે બેડમિન્ટન ખેલાડી જવાલા ગુટ્ટાની નિમણુંક.

» ભારતમાં ઓક્ટો-૨૦૧૭માં યોજાનાર FIFA અંડર-૧૭ વર્લ્ડકપ અંતર્ગત દેશમાં ફુટબોલને લોકપ્રિય બનાવવા માટે સરકારે " મિશન ઇલેવન મિલિયન" લોન્ચ કર્યુ. જે અંતર્ગત દેશનાં ૩૦ શહેરોમાં કાર્યક્રમ યોજાશે.

» બાંગ્લાદેશની ક્રિકેટ ટીમ ૧૦૦ ટેસ્ટ મેચ રમનાર ટીમોમાં સામેલ થઇ.

» પુર્વ ઓસ્ટ્રેલીયન ક્રિકેટર માઇકલ કલાર્કે પોતાની આત્મકથા " માય સ્ટોરી"નૂં કલકતામાં વિમોચન કર્યુ.

» રાષ્ટ્રીય રેસીંગ ચેમ્પિયન અશ્વિન સુંદરનું સડક દુર્ઘટનામાં મૃત્યુ.

## * ~ સંરક્ષણ / વિજ્ઞાન ~ *

» ભારતનું મિશન ચંદ્રયાન-૧ હજુ પણ ચંદ્રમાંની પરિક્રમા કરી રહ્યુ હોવાનું નાસાએ શોધ્યું. ૨૦૦૯થી સંપર્ક ગુમાવેલ ચંદ્રયાન-૧ને નાસાનાં વૈજ્ઞાનિકોએ નવા ગ્રાઉન્ડ બેઝ રડાર સિસ્ટમથી શોધી કાઢ્યુ છે.

» કેન્દ્રીય કપાસ અનુસંધાન સંસ્થાન (CICR) એ સૌથી ઓછા સમયમાં પાકતી ક્પાસની જાત વિકસાવી. CISR એ મહારાષ્ટ્રનાં નાગપુરમાં આવેલ છે.

### *-Day of The week-*

૧૨-માર્ચ-દાંડીકુચ દિવસ
૧૫-માર્ચ-વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ
૧૬-માર્ચ-રાષ્ટ્રીય રસીકરણ દિવસ
૧૯-માર્ચ-વિશ્વ અપંગતા દિવસ

www.vidhyashakti.blogspot.com